**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૮ ટકા

# ડેન્ગ્યુનો શિકાર બનેલી યુવતીને તબીબોએ મોતના મુખમાંથી ઉગારી

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર શહેરમાં વાયરલ બિમારી અને વાહકજન્ય બિમારીએ માઝા મુકી છે. મેલેરિયા, ટાઈફોઈડની સાથે સાથે ડેન્ગ્યુના દર્દીઓ પણ વધુ ધ્યાને આવ્યા છે ત્યારે ગાંધીનગર નજીક પેથાપુરમાં રહેતી ૨૧ વર્ષીય યુવતીને ઘણા સમયથી ચઢ-ઉતર તાવ આવતો હતો જેને લઈને યુવતીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એડમીટ કરીને સઘન સારવાર આપવામાં આવી હતી. તે દરમિયાન મેડિસીન વિભાગના તબીબોએ તેણીનો રિપોર્ટ કરાવતા તે ડેન્ગ્યુ પોઝીટીવ હોવાનું સામે આવ્યું હતું. એટલું જ નહી દિવસે ને દિવસે લોહીમાં પ્લેટલેટ સતત ઉતરતા જતા હતા. અનેક સમયે આ યુવતીના પ્લેટલેટની સંખ્યા ફકત એક હજાર થઈ ગઈ હતી. ડૉ. દિનકર ગોસ્વામી અને ડૉ. નિયતી ગોસાઈના મતે તંદુરસ્ત વ્યકિતના લોહીમાં દોઢ લાખ પ્લેટલેટ હોય છે. આ પ્લેટલેટ લોહીને ગંઠાવવાનું કામ કરે છે

**ડેન્ગ્યુથી પીડીત યુવતીને આઠ દિવસમાં ૧૮ વખત પ્લેટલેટ ચઢાવવામાં આવ્યા**

તો ડેન્ગ્યુમાં સામાન્ય રીતે પ્લેટલેટ ઘટીને ૩૦,૦૦૦ જેટલા થઈ જતા હોય છે. ડેન્ગ્યુમાં ૩૦,૦૦૦થી નીચે પ્લેટલેટ થાય તો જ દર્દીએ દાખલ થઈને સારવાર લેવાની ફરજ પડે છે તેમ ડૉકટરોનું માનવું છે. આ પરિસ્થિતિમાં પેથાપુરની આ યુવતીના પ્લેટલેટ ૧,૦૦૦ થઈ ગયા હતા જેથી તેણીને મેડીસીન વિભાગ વોર્ડમાંથી આઈસીયુમાં સારવાર આપવામાં આવી હતી. આ યુવતીને આઠ દિવસમાં અઢાર વખત પ્લેટલેટ ચઢાવવામાં આવ્યા હતા અને સઘન સારવાર બાદ તેણીને હાલ ડેન્ગ્યુ મુકત કરી દેવામાં આવી છે. તબીબનું માનીએ તો કોઈ દર્દીને ફકત એક હજાર પ્લેટલેટ હોય તેવો કિસ્સો આજ દિવસ સુધી સામે આવ્યો નથી. આ પરિસ્થિતિમાં દર્દીના મૃત્યુની સંભાવનાઓ વધી જાય છે ત્યારે સિવિલના મેડીસીન વિભાગના તબીબોએ આ દર્દીની સારવાર કરીને તેણીને મોતના મુખમાંથી બચાવી લીધી છે.

# ગરીબોની કસ્તુરી ડુંગળી ૮૦ રૂપિયે કિલો

## શાકભાજીના ભાવ વધતા શાક ખરીદવા ગૃહિણીઓની શાકમાર્કેટમાં મથામણ

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર શહેરના શાકભાજી બજારમાં હાલ શાકના ભાવ આસમાને પહોંચ્યા છે. ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીનો ભાવ પણ ૮૦ રૂપિયે પહોંચ્યો છે ત્યારે ગૃહિણીઓ શાકમાર્કેટમાં કયું શાક ખરીદવું તેની મથામણ કરતી નજરે પડે છે.

શહેરના દરેક શાકમાર્કેટમાં શાકનો ભાવ વધુ જણાતો હોવાથી શહેરીજનો પરેશાન છે. ડુંગળીના ભાવ કિલોએ રૂ. ૮૦ થી ૧૦૦ પર પહોંચ્યો છે જયારે સુરણ, લીંબુ, કેપ્સીકમ જેવા શાક ૬૦ થી ૭૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. મધ્યમવર્ગ આ ભાવને ન પહોંચી વળતા તેઓ કઠોળ ખાતા થઈ ગયા છે.

શહેરમાં શાકભાજીના લગભગ એક કિલોએ ભાવ આ મુજબ છે. ડુંગળી રૂપિયા ૮૦, બટેકા રૂ. ૨૦, કેપ્સીકમ રૂ. ૬૦, મરચા રૂ. ૫૦, ટામેટા રૂ. ૪૦, લીંબુ રૂ. ૬૦, ગવાર રૂ. ૬૦, ચોળી રૂ. ૬૦, ગાજર રૂ. ૬૦, કારેલા રૂ. ૩૦, પરવર રૂ. ૫૦, દૂધી રૂ. ૪૦, કોબી રૂ. ૪૦, ફુલાવર રૂ. ૭૦, સુરણ રૂ. ૬૦, મેથી રૂ. ૨૦ની ઝુડી, ધાણા રૂ. ૨૦ના ૧૦૦ ગ્રામ, ગલકા રૂ. ૫૦, તુરીયા રૂ. ૫૦ તથા કાકડી ૪૦ રૂપિયે કિલોના ભાવથી વેચાઈ રહી છે.



લો, વડાપ્રધાને તો ‘સ્વચ્છ ભારત અભિયાન’ બાદ ‘પ્લાસ્ટિક મુકત ભારત’નું પણ આહવાન કરી દીધું, પરંતુ આ અભિયાન પણ કેટલું સફળ બનશે તે તો સમય જ કહેશે. કેમકે આટ આટલા સ્વચ્છતા કાર્યક્રમો અને સફાઈ અભિયાનો પછી પણ ખુદ વડાપ્રધાનના હોમસ્ટેટ ગુજરાતની સરકાર જયાં બેસે છે તે નવા સચિવાલનયા બ્લોક નં. ૭ સામે જ આ પરિસ્થિતિ જોવા મળી છે. જે પેલી કહેવત યથાર્થ ઠેરવે છે કે ‘દીવા તળે અંધારું.’

# સે-૪ના બંધ મકાનમાં ૧ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર શહેરમાં તસ્કર ટોળકીએ છેલ્લા કેટલાક સમયથી તરખાટ મચાવ્યો છે. રહેણાંક વિસ્તારમાં બંધ મકાનોને ટાર્ગેટ કરી ચોરી કરી ગણતરીની મિનિટોમાં પલાયન થઈ જાય છે ત્યારે ગાંધીનગર શહેરના સે-૪-એમાં એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ઘરમાં રહેલા રોકડા રૂ. ૧ લાખ અને અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી પલાયન થઈ ગયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સે-૪-એ પ્લોટ નં. ૮૪/૧ ખાતે રહેતા અબ્દુલ કાદર બકરાવાલા હજ પરથી પરત આવ્યા હતા જેને પગલે તેમનો પરિવાર ઘર બંધ



કરીને તેમને લેવા માટે ગયો હતો. ત્યારબાદ બે દિવસ તેઓ અન્ય સામાજીક કામ પૂર્ણ કરીને ત્રીજા દિવસે ગાંધીનગર પરત ફર્યા હતા ત્યારે તેમણે જોયું તો તેમના ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. ઘરમાં રહેલો સામાન અને ચીજવસ્તુઓ અસ્તવ્યસ્ત પડી હતી. ઘરમાં તપાસ કરતા ઘરમાં રહેલા રૂપિયા ૧ લાખ ગુમ હતા તેની સાથે ઘડિયાળ, પર્સ સહિત અનેક ચીજવસ્તુઓ ગુમ હતી. બનાવને પગલે સે-૭ પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે પહોંચીને ફીંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે. જો કે આ બનાવમાં પોલીસે માત્ર જાણવા જોગ નોંધ કરીનો તપાસનો ધમધમાટ શરૂ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.



શહેરમાં છેલ્લા વરસાદી દિવસો દરમિયાન સેકટર-૨ના સ્વામિનારાયણ મંદિર આગળ એક મસ મોટો ભૂવો પડયો હતો જે અંગે સ્થાનિક રહીશો દ્વારા તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. આ ભૂવા અંગે માહિતી મળતા વોર્ડ નં. ૮ના સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાતે પણ સ્થળ પર રૂબરૂ જઈ મુલાકાત લીધી હતી અને તેની સમીક્ષા કરી તંત્ર સમક્ષ યોગ્ય કાર્યવાહી માટે રજૂઆત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.



જીઆઈડીસી સ્થિત રાદડિયા એન્જીનિયરીંગ પ્રા. લિ. કંપની ખાતે વિશ્વ કર્મના જયંતિ નિમિત્તે વિશ્વકર્મા પૂજા કરવામાં આવી હતી.

# ગુજકોસ્ટ આયોજિત રૂરલ આઈટી ક્વીઝમાં જામનગરની ટીમ વિજેતા




## ફાઈનલમાં જામનગરના માનવ-કવનની જોડીએ પંચમહાલના બિશેષ-દિવ્યેશને ૧૧૫૦-૯૦૦ પોઈન્ટથી મ્હાત આપી સ્પર્ધા જીતી લીધી

ગાંધીનગર, તા. ૧૮
ગાંધીનગર સ્થિત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ દ્વારા આયોજિત રૂરલ આઈટી ક્વીઝ સ્પર્ધાની ફાઈનલ તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવી હતી જેમાં રાજયભરમાંથી ૩૩ જિલ્લાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જામનગરની ટીમ વિજેતા એને પંચમહાલની ટીમ રનર્સ અપ બની હતી.

રૂરલ આઈટી ક્વીઝમાં રાજ્યના ૩૦ જિલ્લાના ધો. ૮ થી ૧૨ના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ પસંદગી પામ્યાં હતા તેમજ રાજ્યના કોમ્યુનિટી સાયન્સ સેન્ટર્સના શિક્ષકો-સહાયકોને પણ કાર્યક્રમાં આમંત્રિત કરાયા હતા. પ્રથમ લેખિત પરીક્ષા બાદ સ્પર્ધાની સ્ટેજ ફાઈનલ માટે ૬ ટીમની પસંદગી કરવામાં આવી હતી. જેમાં એનિમેશન આધારિત ફાઈનલમાં પાંચ ભાગ પાડવામાં આવ્યા હતા જેમકે બાઈટ લિન્ક, બાઈટ પિક્સલ, બાઈટ જમ્બલ, બાઈટ કનેક્ટ અને બાઈટ વેઝ. રસાકસી ભરેલી પાંચ રાઉન્ડની ફાઈનલમાં જામનગરના અંબાણી વિદ્યામંદિરની માનવ ગોંડલિયા અને કવન ગોંડલિયાની ટીમ વિજેતા બની હતી જેમણે પંચમહાલની અમૃતા વિદ્યાલયના બિશેષ ભટ્ટાચાર્ય અને દિવ્યેશ વર્માની ટીમને ૧૧૫૦-૯૦૦ પોઈન્ટથી મ્હાત આપી હતી. ફાઈનલ પાંચ રાઉન્ડમાં પાટ્ રબાંદરની એસ.એસ.એમ.જી. સ્કૂલ, આણંદની આનંદલયા, ગીર સોમનાથની આદિત્ય બિરલા મંદિર તથા આણંદની આ.બી.પટેલ એન્જલ સ્કૂલના બાળકોએ પણ તેમની ડીજીટલ પ્રતિભા પ્રદર્શિત કરી હતી. વિજેતા સ્પર્ધકોને ગુજકોસ્ટના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુ અને ટીસીએસ કંપનીના ગુજરાત હેડ નમ્રતા સોમાનીએ ઈનામો-પ્રમાણપત્રોથી સન્માન્યા હતા અને વિજેતા ટીમને રૂ. ૧૦ હજારની તથા રનર્સ અપ ટીમને રૂ. ૭ હજારની સ્કોલરશીપ એનાયત કરી હતી. અન્ય સ્પર્ધકો ઉપરાંત ઉપસ્થિત શિક્ષકોને પણ સન્માનવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના સ્ટેટ વિનર્સ હવે આગામી નવેમ્બર માસમાં બેંગલુરૂ ખાતે યોજાનાર નેશનલ ફાઈનલમાં ભાગ લેશે. રાષ્ટ્રીયકક્ષાના વિજેતાઓને રૂ. ૧ લાખ અને રનર્સ અપને રૂ. ૫૦ હજારની શૈક્ષણિક સ્કલોરશીપ સહિતના ઈનામોથી સન્માનવામાં આવશે. આ પ્રસંગે ગુજકોસ્ટના ડાયરેકટર ડૉ. નરોત્તમ સાહુએ જણાવ્યુ હતુ કે “આઈટી ક્ષેત્રમાં અગ્રેસર એવુ ગુજરાત આઈટી સાથે ‘ઈ-ગર્વનન્સના ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યુ છે. રૂરલ આઈટી ક્વીઝ ગ્રામીણ વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓને આઈટી વિશે શિખવા-સંશોધન કરવા અને ન્યુ ઈન્ડિયા મિશનનો ભાગ બનવાની તક પુરી પાડે છે.

## ગેઝીયા ખાતે ‘એક નયા સવેરા’ અને ‘સબકા વિશ્વાસ’ સ્કીમ સમજાવતો સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને જીએસટી ડીવીઝનલ ગાંધીનગર દ્વારા ગેઝીયા ઓડિટોરીયમ હોલ ખાતે કેન્દ્ર સરકારની ‘એક નયા સવેરા’ અને ‘સબકા વિશ્વાસ’ સ્કીમની માહિતી આપતો સેમિનાર યોજાયો હતો. જેમાં ગેઝિયાના પ્રેસિડેન્ટ ડૉ. સમીર ત્રિવેદી, સીજીએસટી કમિશનર ડૉ. બલબીરસિંઘ, જોઈન્ટ કમિશનર મુકેશ રાઠોર દ્વારા ઉપસ્થિત સર્વેને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ગેઝીયાના સેક્રેટરી નિતેશભાઈ પટેલ, એચ.એમ. પટેલ અને દિપકભાઈ મહેતાનો સહકાર રહ્યો હતો. સેમિનારમાં ગેઝીયા કમિટીના સભ્યો તથા ઈલેકટ્રોનિકસ એસેટના ઉદ્યોગકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ‘ગણેશ વંદના’ બાદ વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓની ‘પર્યાવરણ વંદના’

## એનએસએસના સ્વયંસવકોએ કોટેશ્વર મહાદેવ મંદિર નજીક સાબરમતીના પટમાંથી ગણેશ વિસર્જન બાદ કચરો એકત્રિત કરી ખાતર બનાવવાની પ્રક્રિયા હાથ ધરી

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર નજીકના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજમાં ‘સ્વચ્છ ભારત અભિયાન’ અંતર્ગત ‘પર્યાવરણ વંદના’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના એનએસએસના સ્વયંસેવકો મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમણે કોલેજની આસપાસ તથા નજીકના પ્રસિધ્ધ કોટેશ્વર મહાદેવ મંદિરની આસપાસના વિસ્તારમાં સફાઈ કાર્ય કર્યુ હતું. સફાઈકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓએ સાબરમતી નદી કાંઠેથી ગણેશ વિસર્જન દરમિયાન શ્રધ્ધાળુઓએ અર્પિત કરેલા ફૂલ, પાંદડા વગેરે કચરાને એકત્ર કરી તેનું ખાતર બનાવવાની પ્રક્રિયા હાથ ધરી છે જે ખાતર વૃક્ષારોપણમાં વાવેતર કરાયેલા વૃક્ષોના સંવર્ધન માટે વાપરવામાં આવશે. આ સાથે કોલેજ સંકુલની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે રૂમ સફાઈની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.

તાજેતરમાં જ ગણેશ ઉત્સવનું સમાપન થયું છે અને કોટેશ્વર નજીકના સાબરમતી કાંઠે શ્રધ્ધાળુઓ દ્વારા ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. ત્યાં ફુલ, પાંદડા, ચુંદડી



સહિતનો કચરો વેરવિખેર પડયો હતો. વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા પર્યાવરણમાં પ્રદૂષણ ઘટાડવાના હેતુથી ‘પર્યાવરણ વંદના’નું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત આ કચરાને એકત્રિત કરી તેને એક ખાડામાં વિઘટન પ્રક્રિયા દ્વારા ખાતર બનાવવાનો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જે વૃક્ષોના વિકાસ માટે ઉપયોગી બનશે. આ કાર્યમાં પ્લાસ્ટિક કચરો અલગ કરી તેનો અલગ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સાથે કોલેજ સંકુલ સ્થિત હોસ્ટેલમાં રહેતા ૭૦ રૂમના આશરે ૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓ માટે રૂમ સફાઈ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી જેમાં પ્રથમ ત્રણ ક્રમાંકે વિજેતા થનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- ડ્રીમગર્લ
૮.૫૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૫, ૭.૫૫, ૧૦.૧૫, ૧૦.૪૫
- સેકશન ૩૭૫
૯.૦૦, ૨.૪૦, ૮.૦૫, ૧૦.૪૦
- બાદશાહ પહેલવાન
૯.૦૫, ૩.૪૫, ૭.૦૦
- હંગામા હાઉસ (ગુજરાતી)
૫.૧૫
- ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૧૧.૩૫
- છીછોરે
૯.૩૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
- સાહો
૧૨.૨૦, ૩.૫૫
- મિશન મંગલ
૯.૪૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- ડ્રીમગર્લ
૮.૫૫, ૯.૫૫, ૧૧.૩૦, ૧૨.૪૦, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૫, ૭.૫૫, ૯.૩૫, ૧૦.૪૫
- સેકશન ૩૭૫
૯.૦૦, ૧૧.૨૫, ૪.૪૫, ૧૦.૧૫
- બાદશાહ પહેલવાન
૯.૧૦, ૩.૫૦, ૧૦.૩૦
- ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૬.૫૦
- છીછોરે
૯.૫૦, ૧૨.૫૦, ૩.૫૦, ૭.૨૦, ૧૦.૦૦
- સાહો
૧૨.૨૫, ૭.૦૫
- મિશન મંગલ
૨.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- સેકશન ૩૭૫
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
- છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૨૦
- સાહો
૧૨.૫૫
- બાદશાહ પહેલવાન
૧.૧૦, ૭.૧૦
- ડ્રીમગર્લ
૯.૦૦, ૧૦.૦૫, ૧૧.૫૦, ૨.૪૦, ૪.૩૦, ૫.૩૦, ૭.૨૦, ૮.૨૦, ૧૦.૧૦, ૧૧.૧૦

### સિટી પલ્સ, કુડાસણ

- ડ્રીમગર્લ
૪.૦૦, ૧૨.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
- છીછોરે
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
- સેકશન ૩૭૫
૧૦.૦૦, ૧૨.૪૫
- સાહો
૩.૦૦, ૯.૩૦
- પહેલવાન
૬.૩૦
- ચાલ જીવી લઈએ
૧૧.૪૫
- ચાસની (ગુજરાતી)
૨.૧૫
- મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)
૫.૦૦
- મિશન મંગલ
૭.૩૦

## અખિલ ગુજરાત ચારણ સમાજની ડીરેક્ટરીમાં નામ નોંધાવવા બાબત

ગાંધીનગર અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટના મહામંત્રી નરહરદાન ગઢવી દ્વારા જણાવાયું છે કે, શહેરમાં વસતા ગઢવી ચારણ સમાજની ડિરેકટરી તૈયાર કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં વસતા તમામ પરિવારને તેમની વિગતો, સરનામું, મોબાઈલ નંબર, તથા શાખ સાથે પરિવારના વડાનું નામ તથા તમામ વિગતો વોટસએપ અથવા ફોનથી ૧૫ દિવસમાં અજીતદાન ગઢવી ૯૮૨૪૪૩૬૮૬૪, દિપકભાઈ વણસુર ૯૮૭૯૧૪૨૩૨૧, ગગુભાઈ ટાપરીયા ૮૩૨૦૯૮૪૮૦૪ તથા સાગરદાન ઝીબા ૭૦૬૯૭૮૦૩૬૩ને નામ નોંધાવવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. શાહ જયંતિલાલ લાલચંદ, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકોર ભુનાબા જેણાજી, ઉ.વ. ૮૫
- સ્વ. સોલંકી નારણભાઈ રેવાભાઈ, ઉ.વ. ૭૨